# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


**તા.૧૧/૦૬/૨૦૨૫ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૭૯૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૦૫ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૬ બિયર ટીન, ૦૧ લોડીંગ રીક્ષા અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૭૯૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ત્યજી દિધેલ તાજી જન્મેલ મૃત બાળકી મળી આવી:-** **સમાચાર યાદી નં.૭૯૫/૨૦૨૫**

**માધવપુરા:** તા.૧૦/૦૬/૨૦૨૫ સવારના ૮/૨૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે ટાટા એડવાન્સ મીલની ચાલી બ્લોક નંબર-૧૦ સામે પદમાવતી કાપડ ફેક્ટરીના ગેટ આગળ કચરાના ઢગલામાંથી બિનવારસી ત્યજી દિધેલ હાલતમાં તાજી જન્મેલ મૃત બાળકી (બેબી) માધવપુરા પોલીસને મળી આવતા, માધવપુરા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.યુ.ગંડેચા ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી:-** **સમાચાર યાદી નં.૭૯૬/૨૦૨૫**

**મણીનગર:** શૈલેષકુમાર શાંતીલાલ જૈન (ઉ.વ.૪૩)(રહે.શ્રી મણીનગર ગાંધીપાર્ક સોસાયટી, જયહિંદ ચાર રસ્તા પાસે, ઉત્તમનગર મણીનગર) એ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મણીનગર ચાર રસ્તા પાસે આવેલ "આર.એસ.ઝવેરી" નામની શૈલેષકુમાર જૈનની સોના-ચાંદીની દુકાનમાં એકાઉન્ટ હેડ તરીકે છેલ્લા ૧૦ વર્ષથી નોકરી કરતા આરોપી રવીભાઇ વસંતભાઇ રામી (રહે, દીપસાગર ફ્લેટ, ગણેશ ગલી મણીનગર) એ સને-૨૦૨૨ થી તા.૨૨/૦૫/૨૦૨૫ સુધીના નોકરીના સમયગાળા દરમ્યાન "આર.એસ.ઝવેરી" નામની પેઢીના બે અલગ-અલગ બેંક ખાતામાંથી પોતાના માતા-પિતા તથા પત્નિ તેમજ અન્ય વ્યક્તિઓના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરી તેમજ જુના અને નવા ગોલ્ડ ૨૨ અને ૧૮ કેરેટના ઘરેણાના ઓન પેપર સ્ટોક બતાવી, ફિઝીકલ સ્ટોકનુ વેચાણ કરી કુલ રૂપિયા ૧૨,૫૪,૩૭,૯૫૦/- મેળવી લઇ શૈલેષકુમાર જૈન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.પી.ઉનડકટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૯૭/૨૦૨૫**

**નવરંગપુરાઃ(૧)** અમિતભાઇ હરિદાસભાઈ દોંગા (ઉ.વ.૩૧)(રહે.આરોહી એલીગન્સ ગાલા જીમખાના રોડ, સાઉથ બોપલ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૬/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે અમિતભાઇ એ નવરંગપુરા, પંજાબી હોલની ગલીની સામે આવેલ "ઈશ્વર સોમા" આંગડિયામાંથી "મારુતિ લેબોરેટરી પેસ્ટીસાઈડ" કંપનીના ધંધાના રોકડ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- લેવા માટે કાર લઈને સરખેજ આવેલ ઓફિસ થી નીકળી આંગડિયા પેઢી ઉપર જઈ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- મેળવી થેલામાં મૂકી, જે થેલો ગાડીમાં ડ્રાઈવર સીટની બાજુની ખાલી સીટ ઉપર મુકી axis bank માં કામકાજ અર્થે ગયેલ ત્યારે કારને પંચવટી સર્કલ ની બાજુમાં આવેલ "હરુભાઈ ઝવેરી" ની દુકાન આગળ રોડ ઉપર પાર્ક કરી મુકી હતી. જ્યાં એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી કારનો કાચ તોડી, સીટ ઉપર મુકેલ રોકડ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- સાથેનો થેલો ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

**નવરંગપુરાઃ(૨)** દિપેનભાઈ નીતીનકુમાર જયસ્વાલ (ઉ.વ.૩૪)(રહે.શંખેશ્વર એપાર્ટમેન્ટ, SBI બેન્ક સામે, કબીર ચોક, સાબરમતી) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૬/૨૦૨૫ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશનની બાજુમાં આવેલ પ્રિમીયમ હાઉસની સામેની ગલીમાં રોડ ઉપર બે અલગ-અલગ મો.સા ઉપર આવેલા ત્રણ અજાણ્યા પુરૂષએ ભેગામળી દિપેનભાઇ જયસ્વાલને વાતોમાં રાખી તેમની નજર ચુકવી, દિપેનભાઈની એક્ટીવાની ડેકી ખોલી રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૯૮/૨૦૨૫**

**ગુજરાત યુનિવર્સીટીઃ** જયેશભાઇ નરશીભાઇ ભાટી (ઉ.વ.૩૨)(રહે.મોડાદેવાનો વાસ, ગુલબાઇ ટેકરા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૬/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના સસરાના ઘરે પોતાના શરીર ઉપર કોઇ જવલનશીલ પ્રવાહી છાંટી આગ લગાવતા, શરીર ગંભીર રીતે દાઝી જતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૬/૨૦૨૫ સવારના ૮/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

**રાણીપઃ** સુધાંશુ સતિષભાઈ સિરોહી (ઉ.વ.૨૬)(રહે.રાવતપાર્ક સોસાયટી, રાધાસ્વામી રોડ, રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૬/૨૦૨૫ ના કલાક ૧/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દીનેશભાઈ મોતીભાઈ ચલાવે છે.

**સરદારનગરઃ(૧)** પ્રશાંતકુમાર જજભાઇ સાહુ (ઉ.વ.૨૬)(રહે.લક્ષ્મીનગર સરસ્વતી સ્કુલ પાછળ નોબલનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૬/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૧૦/૦૬/૨૦૨૫ ના કલાક ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બાબુભાઈ કાનજીભાઈ ચલાવે છે.

**સરદારનગરઃ(૨)** મહેશભાઇ રામુભાઇ પટણી (ઉ.વ.૨૧)(રહે.હનુમાનનગરના છાપરા, વસોયા પ્લોટની બાજુમાં, "જી" વોર્ડ, કુબેરનગર, સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૬/૨૦૨૫ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી